# વુડ પોલીમર કંપોઝીટ બનાવતા મશીનનું દેશમાં પ્રથમ રાજકોટમાં થનારૂં ઉત્પાદન

**એફઇ બ્યુરો**
રાજકોટ, તા.૨૨

વુડ પોલીમર કંપોઝીટ બનાવતા મશીનનું સમગ્ર ભારતમાં પહેલીવાર રાજકોટમાં ઉત્પાદન હાથ ધરવામાં આવ્યું છે. પ્લાયવુડ તેમજ સનમાઈકાના વિકલ્પે ઉપયોગમાં લેવાતા ડબલ્યુપી સીના છ જેટલા ઉત્પાદક એકમો અમદાવાદ અને વાપીમાં આવેલા છે. આ યુનિટો તેમની મશીનરી યુરોપ પાસેથી આયાત કરે છે. હવે આ મશીનરીનું રાજકોટમાં ઉત્પાદન થતાં આયાત ઉપરનું આલંબન ઘટશે. રાજકોટની રાજુ-બાઉઝાનો કંપનીના સંયુકત ઉપક્રમે ઉકત મશીનનું ઉત્પાદન થનાર છે. કંપનીના સંચાલકો ખુશ્બુ દોશી અને ઉત્સવ દોશીએ આપેલી માહિતી અનુસાર, ડબલ્યુ પીસીના જે છ યુનિટો ગુજરાતમાં આવેલા છે, તેમની દૈનિક ઉત્પાદન ક્ષમતા ૧૨૫૦૦ ચોરસ ફૂટ જેટલી છે. પ્લાયવુડ અને સનમાઈકના વિકલ્પરૂપે આ મટીરીઅલનો વપરાશ ઇમારતોમાં આંતરિક તેમજ બાહ્ય બન્ને રીતે કરવામાં આવે છે. તેના ઉત્પાદનમાં કાચા માલ તરીકે ૫૦ ટકા લાકડાનો ભૂકો અને ૫૦ ટકા પોલીમરનો વપરાશ થાય છે. આ બન્ને ચીજો ભારતમાં પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. વળી, ડબલ્યુપીસી પર્યાવરણમિત્ર પદાર્થ હોવાથી તેના ઉત્પાદન માટે જંગલોનું છેદન કરવું પડતું નથી. અમેરિકા અને યુરોપના દેશમાં વુડ પોલીમર કંપોનન્ટનો વપરાશ માનવી દીઠ ૪૦ કિલો છે, તે ભારતમાં એક કિલો કરતાં પણ ઓછો છે. આ સંજોગોમાં તેના ઉત્પાદન તેમજ વિકાસ માટે ઘરઆંગણે પૂરતી તકો ઉપલબ્ધ છે. ઉત્સવ દોશીએ કહ્યું કે ભારતમાં ઘરેલુ બજારમાં જે માલનું ઉત્પાદન થાય છે, તેનો ઉપયોગ થઈ જાય છે. અન્ય માલ વિદેશથી આયાત કરવો પડે છે. આથી ભારતમાં આ પદાર્થના ઉત્પાદન તેમજ વિકાસ માટેની પર્યાપ્ત તકો ઉપલબ્ધ છે. વધુમાં, તેનું ઉત્પાદન કરતી મશીનરી યુરોપથી આયાત કરવી પડે છે. આ સ્થિતિમાં રાજુ-બાઉઝાનોએ ડબલ્યુ પીસીનું ઉત્પાદન કરતી મશીનરી ઘરઆંગણે જ બને તેવો પ્રયાસ કર્યો છે. પહેલું મશીન ડિસેમ્બરમાં ડીલીવરી અપાશે. ચાલુ નાણાંકીય વર્ષમાં ત્રણ મશીનનું ઉત્પાદન કરાશે અને બાદમાં દર વર્ષે દસ મશીનના ઉત્પાદનનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ખુશ્બુ દોશીએ કહ્યું કે ૧૦ એમએમથી ૫૦ એમએમ જાડાઈ ધરાવતા બોર્ડનું ગુજરાત માં આવેલા યુનિટોમાં ઉત્પાદન થાય છે. પરંતુ તે માટેની મશીનરી હવે ભારતમાં બનવાથી આયાત ઉપરનું આલંબન ઘટશે અને વધારે કંપનીઓ ડબલ્યુપીસીના ઉત્પાદન ક્ષેત્રમાં આવી શકશે.

**પ્રાદેશિક**

બ્રોકરોના મતે સહયોગ વિના કોઇ નિર્ણયો શક્ય નથી

# વડોદરા સ્ટોક એક્સચેન્જને ડીરેક્ગનાઇઝ કરવા અંગેના ઠરાવનો ઇજીએમમાં પરાજય

**એફઇબ્યુરો**
વડોદરા,તા.૨૨

પ્રાદેશિક શેર બજારમાં એક સમયે મોખરાનું સ્થાન ધરાવતા વડોદરા સ્ટોક એક્સચેંજ (વીએસઇ)ને ડીરેક્ગનાઇઝ કરવા અંગેના ઠરાવને તાજેતરમાં મેળવી એક્સ્ટ્રા ઓર્ડીનરી જનરલ મીટીંગ (ઇજીએમ)માં મળેલા પરાજયના દુરોગામી પરિણામો જોવા મળશે, તેવો નિર્દેશ વડોદરા સ્ટોક એક્સચેંજના કામકાજ સાથે સંકળાયેલા સુત્રોએ આપ્યો છે. બ્રોકરોનું કહેવું છે કે, આ પરિણામોથી પુરવાર થાય છે કે બ્રોકરોના સહયોગ વિના વીએસઇના સંદર્ભમાં કોઇપણ નિર્ણયો લેવા અને તેનું અમલીકરણ કરાવવું શક્ય નથી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, સેબીએ ટર્નઓવર સહિત નેટવર્થ અંગેના જે ધારાધોરણો નક્કી કર્યા તેનું પાલન કરવાનું શક્ય નથી તેવો મુદ્દો આગળ ધરીને વીએસઇને ડીરેક્ગનાઇઝ કરવા અંગેનો ખાસ ઠરાવ પસાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને તેના ભાગરૂપે તાજેતરમાં ઇજીએમ બોલાવવામાં આવી હતી. એક્સ્ટ્રાઓર્ડીનરી જનરલ મીટીંગમાં વીએસઇને ડીરેક્ગનાઇઝ કરવા અંગેના ઠરાવને કારમો પરાજય મળ્યો હોવાની નોંધ લેતા આ સુત્રોએ જણાવ્યું કે, કુલ ૪૬,૧૩,૬૫૧નું વોટીંગ થયું હતું તેમાં ઠરાવને પસાર કરાવવા માટે ૩૪,૬૦,૨૩૮ મત તરફેણમાં જોઇએ તેની સામે તેમને ૨૩,૯૦,૦૦૦ મત મળ્યાં હતાં.

તેમને જે મત ઠરાવ પસાર કરાવવા માટે જોઇતા હતા તેની સામે ૧૧ થી ૧૨ લાખ જેટલા મત ઓછા મળ્યાં હોવાનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે, સામાન્ય રીતે એવું માનવમાં આવતું હતું કે ૪૬ ટકા બ્રોકર શેરહોલ્ડર ઠરાવની તરફેણમાં નથી અને ૪૯ ટકા ઇનવેસ્ટર શેરહોલ્ડર છે તેમને ઠરાવ પસાર કરાવવામાં રસ છે. તેમ છતાં મતદાનના જે પરિણામો આવ્યા તે પુરવાર કરે છે કે, આગામી દિવસોમાં વીએસઇમાંથી એક્ઝીટ કરવા માટેનો રસ્તો એટલો સરળ નહી હોય.

વડોદરા સ્ટોક એક્સચેંજના પૂર્વ કાર્યકારી પ્રમુખ ઉમેશ પટેલે ઇજીએમમાં ઠરાવને જે રીતે જાકારો મળ્યો તેની નોંધ લેતા જણાવ્યું કે, આ ઘટનાક્રમ પુરવાર કરે છે કે આગામી દિવસોમાં બ્રોકરોને વિશ્વાસમાં લીધા વિના એક્સચેંજના ભાવિ અંગેના કોઇ જ મહત્વના નિર્ણયો નહી લઇ શકાય અને જો લેવામાં આવશે તો તેનું અમલીકરણ કરવાનું મુશ્કેલ બની જશે. એક્સચેંજના ભાવિ અંગેના નિર્ણયોમાં જે બ્રોકર શેરહોલ્ડરો છે તેમનો સહયોગ મહત્વનો છે તેવો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે, પોતાની પાસેના મતની સંખ્યાના ગણિત માત્રથી વડોદરા સ્ટોક એક્સચેંજનો વહીવટ કરવા માંગતા તત્વનો પરાજય થયો છે અને તેનાથી સંકેત મળે છે કે એક્સચેંજના હિતમાં કોઇપણ નિર્ણયો લેવામાં આવે તેમાં સૌનો સહયોગ જરૂરી છે. ઇજીએમમાં ઠરાવ પસાર થયો નહી તેના સુચીતાર્થ અંગે ચર્ચા કરતા વીએસઇના એક પૂર્વ પ્રમુખે નામ નહી આપવાની શરતે જણાવ્યું કે, વીએસઇ ડીરેકેગ્નાઇઝ કરવાનો ઠરાવ પસાર કરીને નીકળી જવાનું ઇનવેસ્ટર શેરહોલ્ડરનું આયોજન છે તેવું ચિત્ર ઉપસાવવામાં આવ્યું હતું. વાસ્તવમાં કેટલાંક ઇનવેસ્ટર શેરહોલ્ડરને પણ વીએસઇને રીરેક્ગનાઇઝ કરવામાં રસ ન હતો અને તે ઠરાવ પરના મતદાન દરમિયાન પુરવાર થયું છે. ઉપરોક્ત ઘટનાક્રમ અંગે પ્રતિક્રીયા વ્યક્ત કરતા જેમને તટસ્થ કહી શકાય તેવા સુત્રોનું કહેવું છે કે, ખાસ ઠરાવ પસાર કરતા પહેલા પૂર્વતૈયારીના ભાગરૂપે જો બ્રોકરોને સમગ્ર વસ્તુસ્થિતિ સમજાવવામાં આવી હોત તો કદાચ આ ઘટનાક્રમ ટાળી શકાતો. તેમનું કહેવું છે કે, એક્સચેંજનું ડીરેક્ગનાઇઝ થવું તેનો અર્થ એવો નથી થતો કે એક્સચેંજનું અસ્તીત્વ નથી રહેતું.

# મનમીત વોહરા તાતા સ્ટારબક્સના નવા માર્કેટીંગ અને કેટેગરી ડિરેક્ટર

**પીટીઆઈ**
નવી દિલ્હી,તા.૨૨

તાતા ગ્લોબલ બિવરેજીસ લિમિટેડ અને સ્ટારબક્સ કોફી કંપની વચ્ચેની ૫૦:૫૦ ટકા ભાગીદારી ધરાવતી તાતા સ્ટારબક્સે આજે જણાવ્યું હતું કે તેણે માર્કેટીંગ અને કેટેગરી બાબતોના વડા તરીકે મનમીત વોહરાની નિમણૂક કરી છે. પોતાની નવી ભૂમિકામાં મનમિત ભારતમાં કંપની માટે તમામ માર્કેટીંગ અને કેટેગરીને લઈ નેતૃત્વ કરશે, તેમ તાતા સ્ટારબક્સે એક નિવેદનમાં જણાવ્યું હતું. મનમીતને પોતાની કામગીરીની રજૂઆત તાતા સ્ટારબક્સ લિમિટેડના સીઈઓ અવની દાવડાને કરવાની રહેશે અને તેઓ કંપનીની ટીમના નેતૃત્વનો ભાગ બનવું પડશે, તેમ તેમણે જણાવ્યું હતું. મનમીતને આવકારતા અમને ઘણી ખૂશી થઈ રહી છે. તેમની બ્રાન્ડને લઈ વિચાર ધારા તથા ક્રોસ-ચેનલ માર્કેટીંગની નિપૂર્ણતા ગતીશિબ બજારમાં એક મજબૂત ભાગીદારીને પ્રતિત કરશે, તેમ તાતા સ્ટારબક્સ લિમિટેડના સીઈઓ અવનિ દાવડાએ જણાવ્યું હતું. મનમીત ટીએજી હેયુઈર ખાતે માર્કેટીંગ ડિરેક્ટર તરીકે માનમીતે કામગીરી બજાવી છે અને લક્ઝરી ઉદ્યોગમાં ૧૧ વર્ષનો માર્કેટીંગને લગતો બહોળો અનુભવ ધરાવે છે, તેમ કંપનીએ જણાવ્યું હતું. તેઓ સુશંત દાસ તરીકે સ્થાન ધરાવે છે, જેઓ છેલ્લા ૧૨ વર્ષથી તાતા જૂથ સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલ છે અને ઓગસ્ટ,૨૦૧૨માં તાતા સ્ટારબક્સ લિમિટેડ સાથે જોડાયા હતા. તાતા ગ્લોબલ બિવરેજીસ લિમિટેડના ગ્લોબલ ડિરેક્ટર તરીકે તેમની નવી ભૂમિકાથી જારી રહેશે, તેમ કંપનીએ વધુમાં જણાવ્યું હતું. આ પ્રકારના ફેરફાર અંગે ટીપ્પણી કરતા દાવદાએ જણાવ્યું હતું કે સુશાંત ભારતમાં સ્ટારબક્સને રજૂ કરવામાં સંકલિત ભૂમિકા ભજવી હતી અને ભારતીય કન્ઝ્યુમર્સને સ્ટારબક્સની ડિલિવરી પૂરી પાડી હતી. તેમનું અમારા કારોબારને લઈ યોગદાન ઘણુ અમુલ્ય છે.અત્રે ઉલ્લેખનીય છેકે સ્ટારબક્સ ઓક્ટોબર,૨૦૧૨માં ભારતીય બજારમાં પ્રવેશ કર્યો હતો અને વર્તમાન સમયમા તે ભારતમાં ૧૭ જેટલા સ્ટોર ખાતે કામગીરી ધરાવે છે.

# ખાદ્યાન્ન સુરક્ષા બિલ જાહેર નાણાંકીય વ્યવસ્થાની ઉપર દબાણ કરશે : ફિક્કી


**પીટીઆઇ**
નવી દિલ્હી, તા. ૨૨

ખાદ્યાન્ન સુરક્ષા ખરડાનું અમલીકરણ જાહેર નાણાં પર દબાણ લાદશે અને ચાલુ વર્ષમાં રાજકોષિય ખાધને કુલ જીડીપીના ૫ ટકા કરશે, તેમ ફિક્કીએ અહેવાલમાં જણાવ્યું હતું. તે નાણાંકીય પરિસ્થિતિ પર વધારાનું દબાણ લાદશે અને દેશની નાણાં યોજનાને ટકાઉપણાને હાંસલ કરવુ મુશ્કેલીભર્યું બનાવશે. પરિણામે જીડીપીની રાજકોષિય ખાદ્ય ૨૦૧૩-૧૪ માટે ૫ ટકા છે, જે બજેટમાં ૪.૮ ટકા કરતા સાધારણ ઉપર છે. તેણે જણાવ્યું હતું કે જાહેર વિતરણ પદ્ધતિ દ્વારા આજની ફાળવણી બિનકાર્યક્ષમતા સાથે મુશ્કેલીમા મુકશે અને ડિલિવરી પદ્ધતિમાં ક્ષમતાની ખાતરી કરશે. ૩જી જુલાઇના રોજ સરકારે કિલો દીઠ રૂા.૧-૩ના સબસિડીના ઊંચા દરમાં દર મહિને દેશની બે તૃતિયાંશ વસ્તીને ૫ કિલોના અનાજનો હક આપવા અન્ન સુરક્ષા ખરડો લાદવાનો હુકમ જાહેર કરવાનો નિર્ણય લીધો હતો. કાર્યક્રમ આશરે ૬૨ મિલિયન ટન ચોખા ઘઉં અને બરછટ અનાજ વસ્તીના ૬૭ ટકા લોકોને સપ્લાય પર વાર્ષિક રૂા.૧૨,૫૦૦૦ કરોડના અંદાજીત સરકારના ખર્ચ સાથે વિશ્મવાં સૌથી મોટુ અમલીકરણ હશે.

# કુદરતી ગેસ અંગે યોજાનારી ઇજીઓએમની બેઠક મુલતવી

**પીટીઆઇ**
નવી દિલ્હી, તા. ૨૨

ઇંધણની તંગી અનુભવી રહેલા વીજ એકમોને કુદરતી ગેસ ઉપલબ્ધ કરાવવાની વિચારણા કરવા માટે યોજાનારી એમપાવર્ડ ગ્રુપ ઓફ મિનિસ્ટર્સની (ઇજીઓએમ) બેઠક મોકૂફ રખાઇ છે. સુરક્ષા પ્રધાન એ કે એન્ટનીની અધ્યક્ષતા હેઠળ આજે બેઠક યોજાવાની હતી પરંતુ ઓઇલ પ્રધાન એમ વિરપ્પા મોઇલીના કુટુંબમાં નિધનને પગલે મોકૂફ રખાઇ છે, તેમ સત્તાવાર સુત્રોએ જણાવ્યું હતું. મોઇલી તેમના પત્નિની બહેના કુટંબસ સાથે ચેન્નાઇ ગયા છે જેમના પતિનું ગઇકાલે નિધન થુય છે. તે બુધવારના રોજ દિલ્હી પાછા ફરશે. હાલમાં ગેસ સ્થિત ૧૮,૭૧૩ મેગાવોટ વીજ પ્લાન્ટની દિવસ દીઠ ૭૨ મિલિયન સ્ટન્ડર્ડ ક્યુબિક મિટર ગેસની જરૂરીયાતનો ફક્ત તૃતિયાંશ ભાગ પુરો પડાય છે. બીજા ૮,૦૦૦ મેગાવોટ ક્ષમતા અમલીકરણ માટે લગભગ તૈયાર છે પરંતુ પ્લાન્ટના ઇંધણ માટે ગેસ નથી. ગયા સપ્તાહેવીજ સેક્ટરને ખાતર પ્લાન્ટ દ્વારા કેજી-ડી૬ ગેસમ વપરાશના ૧૪ એમએમએસસીએમડીના કેટલાક બીજે મોકલવાની ઇજીઓએમે દરખાસ્ત નામંજૂર કરી હતી જ્યારે વ્યસ્ત પાક મોસમ દરમિયાન યુરીયાની તંગીમા પરિણામશે. ઇજીઓએમ આજે વીજ પ્લાન્ટના બીજા સ્ત્રોતો પાસેથી ગેસ ઉપલબ્ધ કરવાઅંગે નિર્ણય લીધો હતો. જ્યારે જાહેર સેક્ટરની ઓએનજીસીના ફિલ્ડમાથી ગેસ જેવો વિકલ્પની તપાસ થઇ રહી છે.



# ટેલિકોમ ક્ષેત્રે વિદેશી રોકાણકારોનો રસ વધશે : બીઓએફએ-એમએલ

**પીટીઆઈ**
નવી દિલ્હી,તા.૨૨

આર્થિક કટોકટીનો સામનો કરી રહેલા ટેલિકોમ સેક્ટરને સંપૂર્ણપણે ખુલ્લુ મુકી દેવાના સરકારના નિર્ણયને લીધે આગામી સ્પેક્ટ્રમ હરાજીમાં વિદેશી ખેલાડીઓ નવેસરથી રસ કેળવે તેવી શક્યતા છે, તેમ વિશ્વની અગ્રણી નાણાકીય સંસ્થા બેન્ક ઓફ અમેરિકા મેરિલ લિંચે તેના અહેવાલમાં જણાવ્યું હતું. ગત સપ્તાહે સરકારે ટેલિકોમ સેક્ટરમાં ૧૦૦ ટકા પ્રત્યક્ષ વિદેશી રોકાણને મંજૂરી આપી દીધી હતી,જે અગાઉ ૭૪ ટકા સુધીની મર્યાદા ધરાવતું હતું. નવેસરથી નીતિ વિષયક ઓફરને લીધે આ ઉદ્યોગમાં રોકડની ઉપલબ્ધતા નવેસરથી જીવંત બની છે અને ઈક્વિટી-ઓપ્શન્સને લઈ કોમ્પલિકેશન્સની માર્ગદર્શિકા છે, તેમ બેન્ક ઓફ અમેરિકા મેરિલ લિંચ (બીઓએફએ-એમએલ)ના અહેવાલમાં જણાવ્યું હતું.છેલ્લા ૧૨ મહિનામાં બે વખત સ્પેક્ટ્રમની હરાજીને લઈ નિષ્ફળતા મળ્યા બાદ સરકારે ટેલિકોમ સેક્ટરમાં નવેસરથી વિદેશી રોકાણકારોનો રસ જીવંત કરવા માટે આ સેક્ટરમાં ૧૦૦ ટકા એફડીઆઈનો નિર્ણય લીધો છે અને લીધે આગામી સ્પેક્ટ્રમ હરાજીમાં વિદેશી ખેલાડીઓ રસ કેળવે તેવી શક્યતા છે, તેમ અહેવાલમાં જણાવ્યું હતું. સુપ્રિમ કોર્ટે ગત વર્ષના ફેબ્રુઆરીમાં ૧૨૨ મોબાઈલ પરવાને રદ્દ કર્યાબાદ નવેમ્બર,૨૦૧૨ અને માર્ચ,૨૦૧૩માં સરકારે મુક્ત કર્યા હતા. ઓપરેટર્સ તરફથી હરાજીને એકંદરે નબળો પ્રતિસાદ મળ્યો હતો, અને સરકારને તેના અંદાજ કરતાં ઓછી રકમ મળી હતી. બીઓએફએ-એમએલ પ્રમાણે ટેલિકોમ સેક્ટરને ખુલ્લુ મુકવું તે પ્રથમ પગલુ છે અને આગામી સમયમાં સુધારાને લગતા વધુ પગલા ભરવામાં આવશે. વધુમાં નીતિ વિષયક સુધારા જોવા મળી રહ્યા છે,જેમાં સ્પેક્ટ્રમના ભાવ તથા ફાળવણીની ખાસ જરૂર છે. અમને આશા છેકે સરકાર સ્પેક્ટ્રમ-ઓક્શન તથા સ્પેક્ટ્રમની માલિકીની મર્યાદા માટે અનામત ભાવોને લઈ કેટલાક પગલા ભરશે, તેમ અહેવાલમાં જણાવ્યું હતું.

# ઓનમોબાઇલે અમેરિકા ખાતેની લાઇવવાયર મોબાઇલને ૧૭.૮ મિલિયન ડોલરમાં ખરીદી

**પીટીઆઇ**
નવી દિલ્હી, તા. ૨૨

મોબાઇલ વીએએસ કંપની ઓનમોબાઇલ ગ્લોબલે આજે જણાવ્યું હતું કે ઉત્તર અમેરિકામાં પોતાના મોબાઇલ મનોરંજન પોર્ટફોલિયો વધારવાના હેતુથી ૧૭.૮ મિલિયન ડોલરમાં અમેરિકા સ્થિત લાઇવવાયર મોબાઇલને ખરીદી લેવાનો સોદો પૂર્ણ કર્યો છે. આશરે રૂ. ૧૦૬ કરોડનો આ સોદો ઓનમોબાઇલને ઉત્તર અમેરિકન બજારમાં મજબૂત હાજરી પ્રાપ્ત કરવામાં સહાય કરશે, જે ઊંચા એવરેજ રેવન્યુ પર યુનિટ (એરપીયુ) સાથે ઊંચા પ્રમાણમાં સંગીતનો ઉપયોગ કરતું બજાર હોવાનું મનાય છે. લાઇવવાયર મોબાઇલનો મોબાઇલ મ્યુઝીક, આરબીટી અને ગેઇમીંગ સોલ્યુશન્સનો પોર્ટફોલિયો અને તેના વિશાળ ગ્રાહક વર્ગમાં સ્પ્રિન્ટ, મેટ્રોપીસીએસ, યુએસ સેલ્યુલર અને ક્રિકેટનો સમાવેશ થાય છે, જે ઓનમોબાઇલના ગ્રાહક પાયા કે જેમાં એટીએન્ડટી, ટી-મોબાઇલ અનો રોજર્સનો સમાવેશ થાય તેમાં જોડાઇ જશે જેથી ઉત્તર અમેરિકામાં ટોચના ૧૦ મોબાઇલ ઓપરેટરોમાંથી છમાં પોતાની હાજરી સ્થાપિત કરી શકાય એમ ઓનમોબાઇલે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું. નવી સંયુક્ત કંપની કે જે સંકલિત વેલ્યુ એડેડ સર્વિસ (વીએએસ) માટે એક માત્ર સ્ત્રોત ઉકેલ રજૂ કરે છે તે યુવાન અને બહોળો વપરાશ કરતા મોબાઇલ વ્યાવસાયિકો સહિત ઊંચુ મૂલ્ય ધરાવતા ગ્રાહક સેગમેન્ટને સેવા પૂરી પાડશે. પાછલા મહિને બેંગલોર સ્થિત કંપનીએ એવી જાહેરાત કરી હતી કે અમેરિકાની તેની સંપૂર્ણ માલિકીની કંપની ઓનમોબાઇલ એલએલસી ચોક્કસ આકસ્મિક ચૂકવણીઓની શરતે લાઇવવાયરન કારોબારની મિલકતો અને ચોક્કસ જવાબદારીઓની ખરીદી માટે ૧૭.૮ મિલીયન ડોલરની ચૂકવણી કરશે. આ સોદામાં ફોનસ્ટાર્ટઝ મિડીયા લિમીટેડ, યુકેનો પણ સમાવેશ થાય છે, જે ઇંગ્લેંડ સ્થિત લાઇવવાયરની સંચાલિત સેવા શાખા છે. ઓનમોબાઇલ મોબાઇલ મનોરંજન, તપાસ અને શોધ અને મોબાઇલ ક્લાઉડ સેવાઓ પૂરી પાડવામાં વ્યસ્ત છે. બોસ્ટોન સ્થિત વડુંમથક ધરાવતી લાઇવવાયર અન્ય સેવા ઉપરાંત ફુલ ટ્રેક મ્યુઝિક, રિંગબેક ટોન (આરબીટી) રિંગટોન્સ, ઇન્ફોટેઇનમેન્ટ સેવાઓ પૂરી પાડે છે.